# માગણી નહીં સંતોષાઈ તો ખેડૂતો વીજળીના થાંભલા તોડી નાંખશે

**મોરથાણ** ખાતે પાવરગ્રીડ લાઇન મુદ્દે ખેડૂતોની બેઠક યોજાઈ



જયેશ પટેલ

સુરત, ઓલપાડઃ પાવર ગ્રીડ કોર્પોરેશન લિમિટેડ દ્વારા પાવરગ્રીડ છેતરપિંડી સામે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓના જે ગામડાઓમાંથી હાઈ ટેન્શન લાઈન પસાર થનાર છે તે અંગે અસરગ્રસ્ત ખેડૂતોની એક અગત્યની બેઠક ઓલપાડ તાલુકાના મોરથાણ ગામે યોજાઈ હતી. જેમાં આગામી તા.૧૮ મીએ સુરત કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરને આવેદન પાઠવી ખેડૂતોને બજાર કિંમતના ચાર ગણા ભાવ આપવા માટે રજૂઆત કરવામાં આવશે.

આજની મોરથાણ ખાતેની બેઠકમાં સુરત જિલ્લાના કામરેજ, પલસાણા, બારડોલી સહિતના તાલુકાના અસરગ્રસ્ત ખેડૂતોની બેઠકમાં કોંગ્રેસ કિશાન સેલના પ્રમુખ જયેશ પટેલે(પાલ) જણાવ્યું કે, આ સરકાર માલેતુજારોની સરકાર છે. આવનાર દિવસોમાં ઓલપાડ તાલુકામાં કુલ 4 લાઈનો જનાર છે. જે કોઈ પણ વિસ્તારમાં કોઈ પણ ખેડૂતના ખેતરોમાંથી જઈ શકે એમ છે જેથી ફરી એક વખત સરકાર સામે બાંયો ચઢાવવાનો સમય પાકી ગયો છે. આ મિટિંગમાં ઉપસ્થિત ખેડૂત અગ્રણી દર્શન નાયકે પણ ખેડૂતોને સંગઠિત થવાની અપીલ કરી હતી.

ગુજરાત કોંગ્રેસ સેલના પ્રમુખ જયેશભાઈ પાલે જણાવ્યું કે, ખેડૂતોની બજાર કિંમતથી ચાર ગણા આપવાની માંગ છે. માંગ નહીં સંતોષાય તો થાંભલા તોડી નાખીશું.

ભૂતકાળમાં સ્થાનિક ધારાસભ્ય એ પદ ગુમાવવું પડ્યું છે, આવનાર દિવસોમાં ૨૦૨૭ માં ધારાસભ્યપદ પણ ગુમાવવું પડે તેવી સ્થિતિનું નિર્માણ કરાશે. આ બેઠકમાં સુરત જિલ્લામાંથી જયેશભાઈ એન. પટેલ(દેલાડ),દર્શન નાયક, રતિલાલ મીંઢી,જયેન્દ્ર દેસાઈ, કૌશિક દેસાઈ, ખેડૂત આગેવાન જયેશ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

# કાંઠા સુગર કૌભાંડમાં ગોડાઉન કીપરના જામીન નકારાયા

**ખાંડના** સ્ટોકનાં ખોટા દસ્તાવેજો તૈયાર કરી રૂપિયા 15,15,26,000ની લોન લઈ છેતરપિંડી કરાઈ હતી

સુરતઃ ઓલપાડ કાંઠા સુગર સહકારી મંડળી દ્વારા નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) પાસેથી લેવામાં આવેલી કુલ રૂ.15.65 કરોડની લોનમાંથી એક પણ રૂપિયો ભરપાઈ કરવામાં નહીં આવતા ગુનો નોંધાયો હતો.

આ કેસમાં સુગરના પૂર્વ એમ.ડી. પ્રદીપ ગૌત્તમભાઈ પંડ્યા, સુગરના ગોડાઉન કીપર પ્રદીપ ભગુભાઈ પટેલ અને ધી સુરત પીપલ્સ બેંકના પૂર્વ એમ.ડી. જતિનભાઈ ઈશ્વરભાઈ નાયકની ધરપકડ કરી હતી. આ કેસમાં આરોપી ગોડાઉન કીપર પ્રદીપકુમાર ભગુભાઈ પટેલે ચાર્જશીટ રજૂ થયાં બાદ સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. અરજદારના વકીલે દલીલ કરી કે અરજદાર કાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.માં માત્ર ગોડાઉન કીપર તરીકે ફરજ બજાવતા હોવા છતાં આરોપી બનાવવામાં આવ્યો છે. ફરિયાદ પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ તપાસ અધિકારી પીએસઆઈ પી.પી. ચાવડાનું સોગંદનામા રજુ કરી દલીલ કરી હતી કે અરજદાર આરોપી સહિતનાએ 59,402 ક્વિન્ટલ ખાંડના સ્ટોકનાં ખોટા દસ્તાવેજો તૈયાર કરી આ દસ્તાવેજોનાં આધારે નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) પાસેથી તા. 22-11-2023ના રૂ. 8,35,45,000 અને 18-09-2023ના રોજ રૂ. 6,26,36,000ની લોન લેવામાં આવી હતી. આ રીતે કુલ રૂ. 15,15,26,000ની લોન છેતરપિંડી કરીને મેળવવામાં આવી હતી. આ રકમની ઉચાપત કરવામાં આવી છે અને આજદિન સુધી NCDCને પરત ચૂકવવામાં આવી નથી. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ એડિશનલ સેશન્સ જજ વિનોદ વી. પરમારે આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

# વલસાડના સાંસદના નામે બનાવટી ઈ-મેલ, લેટરપેડથી ઠગાઈનો પ્રયાસ

**બનાવટી** પત્રથી એસબીઆઈના ચેરમેનને ભલામણ કરી હતી, આરોપી અમદાવાદથી પકડાયો

વલસાડઃ વલસાડના લોકસભા સાંસદ ધવલ પટેલની ઓફિસના નામે ખોટી ઈ-મેલ આઈડી બનાવી તેમજ બનાવટી લેટરપેડ અને સહીનો ઉપયોગ કરીને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાને ભલામણ પત્ર મોકલી છેતરપિંડી કરવાનો પ્રયાસ કરનાર આરોપીને વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર સાંસદ ધવલ પટેલના પર્સનલ આસિસ્ટન્ટ રવિકુમાર સુરેશભાઈ પટેલે ફરિયાદ નોંધાવી હતી કે અજાણ્યા શખ્સે સાંસદની ઓળખ, હોદ્દો, સત્તાવાર લેટરપેડ અને સહીનો દુરુપયોગ કરી ખોટો ઇલેક્ટ્રોનિક રેકોર્ડ અને બનાવટી દસ્તાવેજ તૈયાર કરીને એસબીઆઈના ચેરમેનને ભલામણ પત્ર મોકલ્યો હતો. આ દ્વારા બેન્કને ગેરમાર્ગે દોરી છેતરપિંડી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ટેક્નિકલ એનાલિસિસ તથા સોશિયલ મીડિયા પ્રોફાઇલની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ખોટી ઈ-મેલ આઈડી અમદાવાદના ઈશનપુર વિસ્તારમાંથી બનાવવામાં આવી હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે પશ્ચિમ બંગાળના મૂળ વતની અને હાલ અમદાવાદના ઈશનપુર ખાતે રહેતા પ્રતિક પ્રદ્યુતકુમાર દે (ઉ.વ. 30)ની ધરપકડ કરી છે. તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી માત્ર સાંસદ ધવલ પટેલ જ નહીં પરંતુ કરતો હતો.

આ લેટરપેડનો ઉપયોગ કરીને રેલવેના સ્પેશિયલ ક્વોટામાં ટિકિટ કન્ફર્મ કરાવતો તેમજ વિવિધ સંસ્થાઓને ભલામણ પત્રો મોકલતો હતો. આરોપી પાસેથી સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન, જેમાં ગુનામાં ઉપયોગ થયેલી ઈ-મેલ આઈડી સહિત અનેક ઈ-મેલ એકાઉન્ટ લોગિન મળી આવ્યા હતા. ઉપરાંત સાંસદ ધવલ પટેલ અને પુરુષોત્તમ રૂપાલાના બનાવટી લેટરપેડ, પશ્ચિમ બંગાળ પોલીસ અધિકારીઓના નામે તૈયાર કરાયેલા લેટરો તેમજ એક એચપી કંપનીનું લેપટોપ કબજે લેવામાં આવ્યું છે.

લેપટોપમાંથી પણ બનાવટી લેટરપેડ મળી આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું છે. હાલ આરોપી પોલીસ કસ્ટડીમાં છે અને આ બનાવમાં અન્ય કોઈ સંડોવણી છે કે કેમ તે સહિતની વધુ તપાસ વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

# નારેશ્વરધામ ખાતે ૮૦ વર્ષ જૂનો બોધિ લીમડો પુનઃ પ્રગટ્યો

**પૂજ્ય** શ્રીરંગ અવધૂત મહારાજની સ્મૃતિઓ સાથે જોડાયેલો એક આસ્થાભર્યો પ્રસંગ



બારડોલીઃ કરજણ તાલુકાના પ્રસિદ્ધ પવિત્ર યાત્રાધામ નારેશ્વર ખાતે પૂજ્ય શ્રીરંગ અવધૂત મહારાજની સ્મૃતિઓ સાથે જોડાયેલો એક ચમત્કારિક અને આસ્થાભર્યો પ્રસંગ સામે આવ્યો છે. આશરે ૧૦ વર્ષ પહેલાં સંપૂર્ણપણે સૂકાઈ ગયલો ઐતિહાસિક બોધિ લીમડો એ જ સ્થળેથી કુદરતી રીતે પુનઃ સ્વયંભૂ પ્રગટ થતાં ભક્તોમાં ભારે આનંદ અને દિવ્ય આસ્થાનો માહોલ છવાયો છે.

આ બોધિ લીમડાનો ઇતિહાસ ૮૦ વર્ષ જૂનો છે. સામાન્ય લીમડા કરતાં વિપરીત, આ લીમડો સ્વભાવે મીઠો હતો અને તેની ડાળીઓ આકાશના બદલે જમીન તરફ નમતી હતી. પૂજ્ય બાપજી ગુફામાંથી બહાર આવીને આ જ વૃક્ષની છાયામાં ભક્તોને માર્ગદર્શન અને આશીર્વાદ આપતા હતા. વૃક્ષ સુકાયા બાદ પણ ટ્રસ્ટીઓ અને ભક્તોએ તેની પવિત્ર સ્મૃતિ જાળવી રાખી હતી. હવે આ સૂકા થડમાંથી નવો લીમડો ફૂટતાં, મુખ્ય ટ્રસ્ટી યોગેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ વિશેષ પૂજા-અર્ચના, દત્ત બાવનીના પાઠ અને વૃક્ષના સંરક્ષણ માટે ખાતર-દવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

## ઉધનામાં યોગ્ય કામ નહીં મળતા યુવકે ફાંસો ખાઈ આપઘાત કર્યો

સુરતઃ ઉધનામાં યોગ્ય કામ નહીં મળતા યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મળતી માહિતી અનુસાર, મૂળ મહારાષ્ટ્રના વતની ૨૭ વર્ષીય મનીષ સુરેશભાઈ દૂબે હાલ ઉધના રોડ નંબર-૬ પર આવેલ સંજયનગર વિભાગ-૨માં પરિવાર સાથે રહેતો હતો અને છૂટક મજૂરી કામ કરી પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. શનિવારે સવારે મનીષે ઘરમા લોખંડના સળિયા સાથે રૂમાલ બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. ઘટના અંગે ઉધના પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મનીષ થોડાક સમયથી એકલો ગુમસુમ રહેતો હતો તેમજ તેમને યોગ્ય કામકાજ નહીં મળતા ટેન્શનમાં આવી આ અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે વધુ તપાસ ઉધના પોલીસ કરી રહી છે.

**અમદાવાદ અને સુરત એરપોર્ટ પરથી**

# અઢી વર્ષમાં રૂપિયા 480 કરોડથી વધુના ડ્રગ્સ અને ગોલ્ડ જપ્ત

**ડીઆરઆઇના** અધિકારીઓને દુબઇથી ધમકી પણ મળે છે

અમદાવાદ : અમદાવાદ અને સુરત એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ અને ગોલ્ડ સ્મગલિંગ સિન્ડિકેટ સામે કસ્ટમ વિભાગે છેલ્લા અઢી વર્ષ દરમિયાન કડક કાર્યવાહી હાથ ધરી છે. એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા પ્રોફાઈલિંગ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે ચલાવવામાં આવેલી કાર્યવાહીમાં અંદાજે રૂ. 300 કરોડથી વધુના ડ્રગ્સ અને રૂ. 180 કરોડથી વધુનું દાણચોરીનું સોનું જપ્ત કરવામાં આવ્યું છે. કુલ મળીને રૂ. 480 કરોડથી વધુના ગેરકાયદે માલસામાનની જપ્ત થતાં આંતરરાષ્ટ્રીય સ્મગલિંગ નેટવર્કમાં ભારે ફફડાટ ફેલાયો છે.

કસ્ટમ વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે એર ઈન્ટેલિજન્સ યુનિટ મુસાફરોના ટ્રાવેલ હિસ્ટ્રી, પ્રોફાઈલ અને અન્ય ઈનપુટના આધારે શંકાસ્પદ પેસેન્જરો પર સતત નજર રાખવામાં આવી રહી છે. જેના પરિણામે આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટ દ્વારા કેરિયર તરીકે ઉપયોગમાં લેવાતા અનેક પ્રવાસીઓ એરપોર્ટ પર જ ઝડપાઈ જાય છે.

તાજેતરમાં ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)ના પુણે ઝોનલ ઓફિસના એક અધિકારીને દુબઈથી ધમકીભર્યો ફોન આવ્યો હોવાની ઘટના પણ સામે આવી હતી. ફોન કરનારે જપ્ત કરાયેલ માલસામાન છોડાવી આપવા દબાણ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. કસ્ટમ વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આવી ધમકીઓ અન્ય એરપોર્ટના અધિકારીઓને પણ મળતી રહે છે, પરંતુ દરેક ઘટનામાં ફરિયાદ નોંધાય તે જરૂરી નથી. આંતરરાષ્ટ્રીય સ્મગલિંગ સિન્ડિકેટ એરપોર્ટ પર કયા અધિકારી કઈ શિફ્ટમાં ફરજ બજાવે છે તેની માહિતી મેળવવાનો પણ પ્રયાસ કરે છે અને વિવિધ માધ્યમો દ્વારા દબાણ ઊભું કરવાની કોશિશ કરે છે. ભૂતકાળમાં એરપોર્ટના કેટલાક ગ્રાઉન્ડ સ્ટાફની સંડોવણી સામે આવ્યા બાદ કસ્ટમ અને ડીઆરઆઈ દ્વારા તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. એરપોર્ટ પર ઈન્ટેલિજન્સ આધારિત સર્વેલન્સ વધુ મજબૂત બનાવવામાં આવ્યું છે, જેના કારણે ડ્રગ્સ અને ગોલ્ડ સ્મગલિંગના અનેક પ્રયાસો નિષ્ફળ બનાવવામાં આવ્યા છે.

## રૂ. ૫૦.૪૨ લાખના કેબલ ચોરનાર કામરેજ ચાર રસ્તાથી ઝડપાયો

સુરતઃ રૂ. ૫૦.૪૨ લાખના કેબલ સગેવગે કરનાર અને દોઢ વર્ષથી ફરાર આરોપીને પોલીસે ઝડપી લીધો છે. વર્ષ ૨૦૨૪ માં પંચમહાલના હાલોલ સ્થિત પોલીકેબ ઈન્ડિયા લિમિટેડ કંપનીમાંથી ૨૧,૨૮૦ કિલોગ્રામ એલ્યુમિનિયમ કંડક્ટર પીવીસી કેબલ વાયર (કિંમત રૂ. ૫૦,૪૨,૨૫૨) ભરેલું કન્ટેનર હજીરા અદાણી પોર્ટ ખાતે પહોંચાડવા માટે નીકળ્યું હતું. જો કે, રસ્તામાં આરોપીઓએ કંપની સાથે મોટો વિશ્વાસઘાત કરીને તમામ કિંમતી કેબલ વાયર સગેવગે કરી નાખ્યા હતા અને કન્ટેનરમાં કેબલની જગ્યાએ રેતી ભરેલી બેગો મોકલી દીધી હતી. આ ગુનામાં ફરાર અનુપસિંગ ગયાપ્રસાદ સિંગ (રહે. અયોધ્યા, ઉત્તર પ્રદેશ) દોઢ વર્ષથી ફરાર હતો. તે ધરપકડથી બચવા કડોદરા, કામરેજ અને કીમ વિસ્તારમાં પોતાના લોકેશન બદલતો હતો. તેને કામરેજ ચારરસ્તા પરથી ઝડપી લેવાયો છે.

# UNM ફાઉન્ડેશન - ટોરેન્ટ દ્વારા હેરિટેજ પાર્ક વિકસાવાયો

**કેન્દ્રીય** ગૃહમંત્રી અમિતભાઈ શાહે વર્ચ્યુઅલી પાર્કનું ઉદ્ઘાટન કર્યું

**પૂર્વીય** રિવરફ્રન્ટ પર વિકસિત, આ પાર્ક અમદાવાદમાં 12 મો છે જે UNM ફાઉન્ડેશન દ્વારા તેની પ્રતિતિ પહેલ હેઠળ AMC સાથે સહયોગમાં વિકસાવવામાં અને જાળવવામાં આવશે



અમદાવાદ : UNM ફાઉન્ડેશન - ટોરેન્ટે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) સાથે જાહેર-ખાનગી ભાગીદારીમાં, આજે અમદાવાદમાં સાબરમતી નદીના પૂર્વીય રિવરફ્રન્ટ પર એક નવા વિકસિત હેરિટેજ પાર્કનું અનાવરણ કર્યું. આ પાર્કનું ઉદ્ઘાટન ભારત સરકારના કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી અને ગાંધીનગર લોકસભાના સંસદ સભ્ય અમિતભાઈ શાહ દ્વારા વર્ચ્યુઅલી કરવામાં આવ્યું હતું. હેરિટેજ પાર્ક એ સ્વામી વિવેકાનંદ પુલ અને નહેરુ પુલ વચ્ચેનો એક રેખીય ઉદ્યાન છે જેની પૃષ્ઠભૂમિમાં ભદ્ર કિલ્લો છે, જે અમદાવાદનો ૧૨મો જાહેર ઉદ્યાન છે જે UNM ફાઉન્ડેશન દ્વારા તેની પ્રતિતિ પહેલ હેઠળ, AMC સાથે સહયોગમાં વિકસાવવામાં અને જાળવવામાં આવશે. આ હેરિટેજ પાર્ક AMCના સેન્ટ્રલ ઝોનના જમાલપુર વોર્ડમાં 20,000 ચોરસ મીટર વિસ્તારમાં વિકસાવવામાં આવ્યો છે, જેનો ખર્ચ 10 કરોડ રૂપિયાથી વધુ છે.

# બમરોલીની ફેક્ટરીમાં સબસિડીયુક્ત નીમ કોટેડ યુરિયાનું કૌભાંડ ઝડપાયું

**કૃષિ** વિભાગે રૂ.1.19 લાખના 405 બેગ સીઝ, ચાર સામે ગુનો નોંધાયો

સુરતઃ ઉધના-બમરોલી રોડ પર આવેલી એક ઔદ્યોગિક પેઢીમાં ખેડૂતો માટે સરકાર દ્વારા સબસિડી પર આપવામાં આવતા નીમ કોટેડ યુરિયાનો ઔદ્યોગિક હેતુ માટે ગેરકાયદે ઉપયોગ થતો હોવાનો પર્દાફાશ કૃષિ વિભાગની સંયુક્ત સ્કોડે કર્યો છે. કાર્યવાહી દરમિયાન 1.19 લાખની કિંમતના 50 કિલોના 405 બેગ સીઝ કરવામાં આવ્યા હતા. ખટોદરા પોલીસ મથકે ચાર વ્યક્તિ સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) સુરત સિટી કચેરીના ખેતી અધિકારી વિશાલકુમાર રમેશભાઈ કોરાટ તથા ખેતી અધિકારી વી.આર. મેતલીયાની સંયુક્ત ટીમે ગત 14 માર્ચે બામરોલી રોડ પર જીત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી 'આર એન ઈન્ટરનેશનલ'માં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ફેક્ટરીમાં સંગ્રહ કરાયેલા યુરિયાને પેઢીના ડાયરેક્ટર રાજ હેમંતભાઈ ડોક્ટરે ટેકનિકલ ગ્રેડ યુરિયા હોવાનું જણાવ્યું હતું. અધિકારીઓએ ખરીદીના દસ્તાવેજોની માંગણી કરતાં 'શ્રી શ્યામ ટ્રેડર્સ'ના છ બિલ રજૂ કરવામાં આવ્યા હતા. જોકે તપાસમાં ભેસ્તાન ખાતે દર્શાવાયેલા સરનામે આવી કોઈ પેઢી અસ્તિત્વમાં જ ન હોવાનું બહાર આવ્યું હતું. વધુ તપાસમાં દિલ્હીની પેઢી મારફતે સબસિડીયુક્ત ખાતરનું ગેરકાયદે ડાયવર્ઝન કરવામાં આવતું હોવાની શંકા મજબૂત બની હતી. બારડોલીની ખાતર ચકાસણી પ્રયોગશાળામાં નીમ ઓઈલ પોઝિટિવ મળ્યા બાદ આરોપીઓની માંગણી મુજબ ચેન્નઈની નેશનલ ટેસ્ટ હાઉસમાં ફરી પરીક્ષણ કરાયું હતું. ત્યાં પણ નીમ ઓઈલની હાજરીની પુષ્ટિ થતાં જપ્ત કરાયેલો જથ્થો ખેડૂતો માટે સરકાર દ્વારા સબસિડી પર ઉપલબ્ધ કરાવવામાં આવતું નીમ કોટેડ યુરિયા હોવાનું વૈજ્ઞાનિક રીતે સાબિત થયું હતું. આખરી લેબોરેટરી રિપોર્ટના આધારે ખેતી અધિકારી વિશાલકુમાર કોરાટની ફરિયાદ પરથી ખટોદરા પોલીસે રાજ હેમંતભાઈ ડોક્ટર, નટવરલાલ મોહનલાલ નાયક, મંથન હેમંતભાઈ ડોક્ટર (તમામ આર એન ઈન્ટરનેશનલ) તેમજ હિમાંશુ જોશી (શ્રી શ્યામ ટ્રેડર્સ) સહિત તપાસમાં સંડોવાયેલા અન્ય શખ્સો સામે ખાતર નિયંત્રણ હુકમ-1985 તથા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવિ પેઢીના છાંયડા માટે શતાયુ વૃક્ષોનું આવરણ બનાવવું પડશે

**૧૦૧** ઓક્સિજન પાર્કનું ઈ-લોકાર્પણ કરતાં અમિત શાહ



ગાંધીનગર : અમદાવાદ મનપાના 'મિશન ફાઈવ મિલિયન ટ્રી' અંતર્ગત અંદાજે ૧.૨૫ કરોડ વૃક્ષોનું સામૂહિક વૃક્ષારોપણ તેમજ એએમસી, ઔડા તથા માર્ગ અને મકાન વિભાગના મળીને અંદાજિત રૂ. ૪૦૫ કરોડનાં વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત તથા અમદાવાદગના સાયન્સ સિટી ખાતે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં કુલ ૧૦૧ ઑક્સિજન પાર્ક તથા ૧૫૫ એસી ઈલેક્ટ્રિક BRTS-AMTS બસનું લોકાર્પણ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી અમિત શાહે જણાવ્યું કે ગાંધીનગર લોકસભા ક્ષેત્ર અને અમદાવાદ શહેરમાં પર્યાવરણના સંરક્ષણ અને પૃથ્વીના સંવર્ધન માટે એક અભૂતપૂર્વ 'જન અભિયાન' હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં આજે એક જ દિવસમાં ૧,૨૫,૯૩,૫૧૩ વૃક્ષો રોપવાનું ભગીરથ કાર્ય પૂર્ણ કરીને એક નવો વિક્રમ સ્થાપવાની નેમ વ્યક્ત કરી હતી. ભાવિ પેઢી માટે પૃથ્વીને જીવવાલાયક રાખવા માટે વૃક્ષોનું આવરણ જરૂરી છે. આ માટે નાગરિકને પોતાના ઘર પર સોલાર રૂફટોપ લગાવવા અને સોસાયટીના દરેક ખૂણે વૃક્ષ વાવવા અપીલ કરી હતી. જેથી વધતાં તાપમાન અને ઓઝોન સ્તરના નુકસાન સામે આવનારી પેઢીઓને રક્ષણ મળી શકે.

## વૃક્ષ કાપતી વખતે નીચે પટકાયેલા જલાલપોરના યુવકનું મોત

સુરતઃ નવસારી જલાલપોર ખાતે આવેલ સરાઈ ગામમાં 30 વર્ષીય સુરેશ રાજુભાઈ રાઠોડ પાંડેસરા જીઆઈડીસી વિસ્તારમાં બાગ બગીચા ખાતાનો કોન્ટ્રાક્ટ ધરાવતા વિરલભાઈ શાહ રવિવારે સવારે સુરેશને મજૂરી માટે પાંડેસરા જીઆઈડીસી ખાતે લઈને આવ્યા હતા. તે પાંડેસરા જીઆઈડીસીમાં ભવાની ટેક્સટાઇલ પાર્કમાં લાગેલા CCTV કેમેરામાં ઝાડ નડતું હોવાથી સુરેશ ત્યાં ઝાડ કાપવાની કામગીરી માટે ગયો હતો. દરમિયાન ઝાડ કાપતી વખતે તે અંદાજે પંદરેક ફૂટ ઉપરથી નીચે પડી જતાં તેનું મોત થયું હતું.

**અનુસંધાન** ... પાના છેલ્લાનું

**કાપોદ્રા મેઇનરોડ...**

રોડ ધસી પડ્યો હતો. સ્થાનિકોએ જણાવ્યું હતું કે શહેરમાં વારંવાર રસ્તા બેસી જવા અને ભુવા પડવાની ઘટનાઓ છતાં પાલિકા કાયમી ઉકેલ લાવવામાં નિષ્ફળ રહી છે.

કરોડો રૂપિયાના ખર્ચે બનતા રસ્તાઓ થોડા જ સમયમાં બેસી જતાં તંત્રની કામગીરી અને કોન્ટ્રાક્ટરોની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

ઘટના બાદ મેયર માયાબેન માવાણી સહિતના ઉચ્ચ અધિકારીઓને જાણ કરવા છતા સ્થળ પર ન પહોંચતાં લોકોમાં વધુ નારાજગી જોવા મળી હતી.

**અયોધ્યા બાદ...**

લાખનું બંડલ સંતાડી લીધું હતું. બાદમાં તે બાથરૂમ જવાના બહાને ગણતરી સ્થળેથી બહાર નીકળ્યો હતો. જોકે બહાર નીકળતી વખતે તેના કપડાંમાં સંતાડેલું નોટોનું બંડલ અચાનક નીચે પડી જતાં ત્યાં હાજર અન્ય કર્મચારીઓની નજર તેના પર પડી હતી. કર્મચારીઓએ તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓને જાણ કરતા સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન સીસીટીવી ફૂટેજ ચકાસતાં કર્મચારી સ્પષ્ટપણે કેમેરામાં કેદ થઈ હોવાનું સામે આવ્યું હતું. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થતાં સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

આ ઘટનાને ગંભીરતાથી લઈને અંબાજી મંદિર ટ્રસ્ટના ચેરમેન તેમજ બનાસકાંઠાના જિલ્લા અધિક કલેક્ટર દ્વારા પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદના આધારે પોલીસે હંગામી કર્મચારી ચિરાગ ઠાકોર સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. વધુ પૂછપરછમાં આ ચોરીમાં સંડોવાયેલા અન્ય બે વ્યક્તિઓના નામ બહાર આવ્યા હતા, જેના આધારે પોલીસે અન્ય બે આરોપીઓની પણ ધરપકડ કરી કુલ ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પ્રાથમિક તપાસમાં ચોરી માટે સંતાડવામાં આવેલા બંડલમાં રૂ. 500ની કુલ 208 નોટો મળી આવી હોવાનું સામે આવ્યું છે.

**હર્ષ સંઘવી...**

સંઘવીને જ સવાલો કર્યા છે. વેપારીએ આરોપ લગાવ્યો છે કે રેલવે પ્રોજેક્ટ સાથે સંકળાયેલી SITCO કંપની, તેના કોન્ટ્રાક્ટર તથા મનપાના કેટલાક અધિકારીઓની બેદરકારી અને મિલીભગતના કારણે વેપારીઓ હજુ પણ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. તેમણે કહ્યું કે, દુકાનોની સફાઈ ચાલી રહી હોવા છતાં ઉપર સ્લેબની કામગીરી શરૂ કરી ગંદુ પાણી વેપારીઓની દુકાનોમાં છોડવામાં આવી રહ્યું છે. વીડિયોમાં મહેશ ગઢીયાએ હર્ષ સંઘવીને પ્રશ્ન કર્યો છે કે, 'ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કડક કાર્યવાહી કેમ થતી નથી?' સાથે જ જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને જેલમાં મોકલવાની માંગ પણ કરી છે. ખાડીપૂર બાદ વેપારીઓની મુશ્કેલીઓ યથાવત્ રહેતાં તંત્ર સામેનો અસંતોષ ફરી એકવાર ખુલ્લેઆમ સામે આવ્યો છે અને આ વીડિયો સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બન્યો છે.

**સુરત આંતરાષ્ટ્રીય...**

લેન્ડિંગ કરી રહેલા વિમાનો તરફ ન જાય. એરપોર્ટ પ્રશાસને સ્પષ્ટ કર્યું છે કે વિમાનો તરફ લેઝર લાઈટ ફેંકવી ગંભીર અને દંડનીય હરકત છે. સુરક્ષિત અને નિર્વિઘ્ન હવાઈ સેવા જાળવી રાખવા માટે નાગરિકોના સહયોગને અત્યંત જરૂરી ગણાવ્યો છે.

**ઝઘડિયામાં પાંજરુ...**

સીમ વિસ્તાર તરફ ભાગી ગયો હતો. ઈજાગ્રસ્ત બંને મહિલાને ઝઘડીયાની સેવા રૂરલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે. ઘટનાસ્થળે ઝઘડીયા RFO ચેતનાબેન દોડી આવ્યાં હતા. ઉલ્લેખનીય છે કે, ભાગી છૂટેલા આ દીપડાએ માનવીનું લોહી ચાખી લીધું છે, જેના કારણે તે હિંસક બની શકે છે. સ્થાનિકોએ વન વિભાગને વહેલી તકે દીપડાને ફરી પાંજરે પુરવા માટે માંગ કરી છે.

અન્યથા મોટી ઘટના બની શકે છે. આ ઘટનાથી હાલમાં વન વિભાગની કાર્યપ્રણાલી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

**સુરતમાં સીઝનનો...**

સુધીનો 38.88 ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે ભરૂચ જિલ્લાના જંબુસરમાં સૌથી ઓછો 1.73 ઈંચ વરસાદ જ નોંધાયો છે. ઓછા વરસાદવાળા અન્ય તાલુકાની વાત કરીએ આમોદમાં 2.36 અને તાપીના નિઝરમાં 2 ઈંચ જેટલું પાણી જ પડ્યું છે.

**ડાંગ જિલ્લો**

| | |
|---|---|
| આહવા | 36.12 ઈંચ |
| વઘઇ | 32.36 ઈંચ |
| સુબિર | 35.2 ઈંચ |


**નર્મદા જિલ્લો**

| | |
|---|---|
| ડેડિયાપાડા | 7.88 |
| ગરુડેશ્વર 3 ઈંચ | |
| નાંદોદ | 8.8 |
| સાગબારા | 14.52 |
| તિલકવાડા | 5.36 |

## ઉધના લક્ષ્મીનારાયણ ઇન્ડસ્ટ્રીયલમાં કન્સ્ટ્રક્શન સાઇટ પર પટકાયેલા યુવાનનું મોત

સુરતઃ ઉધના લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીયલમાં ચાલતી કન્સ્ટ્રક્શન સાઈટ પર બીમ ખોલતી વખતે પટકાયેલા યુવાનનું મોત નીપજ્યું હતું. મળતી માહિતી અનુસાર, મૂળ દાહોદ જિલ્લાના લીંબડી તાલુકાના વતની ૪૬ વર્ષીય મનુભાઈ ધીરુભાઈ ડામોર હાલ ઉધના ત્રણ રસ્તા પાસે ફૂટપાથ પર રહેતા હતા અને ઉધના ખાતે લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીયલ ઝેડલાઈન પ્લોટમાં નવી બંધાતી કન્ટ્રક્શન સાઈટ પર સેન્ટિંગ કામ કરી વતનમાં રહેતા પરિવારનું ભરણપોષણ કરતા હતા. શનિવારે સવારે મનુભાઈ કન્ટ્રક્શનની સાઈટ પર ચોથા માળે બહારની સાઈડ પર બીમ ખોલતા હતા. તે વખતે મનુભાઈ નીચે પટકાતા ગંભીર ઈજાને પગલે તેમનું મોત નીપજ્યું હતું. સમગ્ર ઘટના અંગે વધુ તપાસ ઉધના પોલીસ કરી રહી છે. છેલ્લા કેટલાક સમયથી બાંધકામ સાઈટ પરથી શ્રમજીવીઓના પડવાની ઘટના વધી રહી છે.


RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત




ખજાના-શોધની રોમાંચક હસાવતી- કોમેડી સફર

ધમાલ - 4
૧૧.૧૫, ૧૨.૪૫, ૨.૦૦, ૩.૩૦, ૪.૪૫, ૬.૧૫, ૭.૩૦, રાત્રે : ૯.૦૦, ૯.૩૦, ૧૦.૧૫

વેલકમ ટુ ધ જંગલ
૧૨.૩૦, ૬.૩૦

આલ્ફા ૩.૪૫

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
ખજાના-શોધની રોમાંચક સફર




ધમાલ -4
૧૨.૩૦, ૧૨.૪૫, ૩.૩૦, ૩.૪૫, ૬.૩૦, રાત્રે ૯.૩૦

હાસ્યનું હુલ્લડ




વેલકમ ટુ ધ જંગલ
અક્ષયકુમાર, પરેશ રાવલ, સુનીલ શેટ્ટી
બે શોઃ ૬.૩૦, રાત્રે ૯.૩૦

RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ત્રીજો માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @: @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.




ધમાલ - 4
૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૪૦, ૧૨.૪૦, ૧.૩૦, ૨.૨૦, ૩.૦૦, ૩.૫૦, ૫.૦૦, ૫.૩૫, ૬.૨૦, ૭.૦૦, ૭.૪૦ રાત્રે : ૯.૦૦, ૯.૩૫, ૧૦.૩૦, ૧૧.૦૦




આલ્ફા ૯.૧૦, ૧૧.૪૫, ૨.૨૫, ૧.૧૦, ૪.૧૫, ૬.૦૦, રાત્રે : ૮.૨૦, ૧૦.૨૦, ૧૧.૦૦

વેલકમ ટુ ધ જંગલ
૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૨૦, રાત્રે : ૧૦.૧૦

એવલ ડેડ બર્ન (હિન્દી) ૯.૨૦, ૧.૪૦, રાત્રે : ૮.૪૦

કોકટેલ-2 ૧૨.૧૦, ૫.૦૦

જીંદગી વન્સ મોર (ગુજરાતી) : ૯.૩૦, ૭.૪૫
મોના (હિન્દી) ૧૧.૩૦, ૩.૪૫
રંગા (ગુજરાતી) ૬.૨૦, રાત્રે ૮.૧૦
નાગબંધનમ્ (હિન્દી) ૩.૦૦, રાત્રે : ૯.૩૦